| | | |
|---|---|---|
| | પોલીસ ઇન્સ્પેકટરની કચેરી<br>જી.આઇ.ડી.સી વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર<br>ફોનનં-૦૭૯-૨૫૮૩૦૦૦૪<br>polstn-vatvagidc-ahd@gujarat.gov.in<br>પોલીસ કટ્રોલ રૂમ ટેલીફોન નબંર–૦૭૯-૨૫૬૨૭૫૧૦ | |

## -*સારી કામગીરી*-

# પ્રતિબંધીત ચાઇનીજ દોરી સાથે ૨ આરોપીઓને પકડી પાડતી જીઆઈડીસી વટવા પોલીસ

આગામી મકરસંક્રાંતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમાં બહારથી ઘાતક ચાઇનીજ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા કરાવતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારુ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી નિપુર્ણા તોરવણે સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી બીપીન આહીરે સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.બી.રાણા 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહિલ સાહેબ નાઓએ ઉત્તરાયણના તહેવાર અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાઇનીજ દોરીનુ વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારુ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ સાહેબ નાઓને આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના મ.સ.ઇ.મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ નાઓ તથા તેઓની ટીમના અ.પો.કો. જયંતીભાઇ નાગરભાઇ બ.ન.૬૧૬૯ તથા અપો.કો. બળદેવસિંહ ઘનશ્યામસિંહ બ.ન.૧૧૮૧૩ તથા અ.પો.કો. વિજયસિંહ ભુપતસિંહ બ.ન.૧૩૧૮૮ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે જી.આઇ.ડી.સી. વટવા રામોલ ગરનાળા પાસેથી આરોપી સુનિલ ભીખાભાઇ ચુનારા ઉવ.૩૫ રહે. અસ્લાલી ગામ ચુનારા વાસ તા.દસ્કોઇ જિ.અમદાવાદ તથા કિરણભાઇ અરવિંદભાઇ ચુનારા ઉવ.૩૬ રહે. અસ્લાલી ગામ ચુનારા વાસ તા.દસ્કોઇ જિ.અમદાવાદ નાઓને એક્ટીવા નં-જી.જે.૨૭.સી.એ.૫૩૪૫ ઉપર કોથળામાં છુપી રીતે પ્રતિબંધીત ચાઇનીજ દોરીના રીલ (ટેલર) નંગ ૩૦ કિંમત રૂપિયા ૪૫૦૦/- તથા મોબાઇલ ફોન ૨ કિં.રૂ.૧૦૦૦૦/- તથા એક્ટીવા કિં.રૂ.૩૦,૦૦૦/- તથા રોકડ રકમ રૂપિયા ૭૨૦૦/- મળી કુલ રૂપિયા ૫૧,૭૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી અટક કરી જીઆઇડીસી વટવા પો.સ્ટે ગુ.ર.નં (પાર્ટ-બી) ૦૦૦૮/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૧૮૮,૧૧૪ મુજબ પ્રતિબંધીત ચાઇનીજ દોરીના જાહેરનામાં ભંગનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરેલ છે.

સારી કામગીરી